૬૦ / ૩૦૦૦

# બોચાસણવાસી શ્રી અક્ષરપુરુષોત્તમ સ્વામિનારાયણ સંસ્થા
## સત્સંગ શિક્ષણ પરીક્ષા
## સત્સંગ પ્રવીણ : પ્રશ્નપત્ર - ૧

સવારે ૯ થી ૧૨ ]     (રવિવાર, ૯ જુલાઈ, ૨૦૦૦)     [ કુલ ગુણ : ૧૦૦

**નોંધ : જમણી બાજુએ આપેલા અંકો જે તે પ્રશ્નના ગુણાંક દર્શાવે છે.**

### (વિભાગ - ૧ શ્રી અક્ષરપુરુષોત્તમ ઉપાસના)

**પ્ર.૧. નીચેનામાંથી કોઈપણ બે વિષયોના સંદર્ભમાં શાસ્ત્રનાં ત્રણ-ત્રણ પ્રમાણ આપો.** ૬

૧. પ્રગટને ઓળખવા એ જ જ્ઞાન.
૨. શ્રીહરિ સર્વોપરી - શ્રીમુખનાં વચનોના આધારે.
૩. ગુણાતીતાનંદ સ્વામી મૂળ અક્ષર છે.
૪. સાકાર સ્વરૂપમાં રુચિ.

**પ્ર.૨. નીચેનામાંથી કોઈપણ બે પ્રસંગો વર્ણવી સિદ્ધાંત લખો. (બારેક લીટીમાં)** ૮

૧. શીતલદાસને સમાધિ.
૨. એવા સદ્ગુરુ કોણ ?
૩. વાઘાખાચરને નિશ્ચય.
૪. ગુણાતીતાનંદ સ્વામીએ ત્રીજું ફૂલ અચિંત્યાનંદ બ્રહ્મચારીને આપ્યું.

**પ્ર.૩. નીચેનામાંથી કોઈપણ બે વિષયનું વિવરણ લખો. (બારેક લીટીમાં)** ૮

૧. સર્વકર્તાહર્તા શ્રીહરિ.
૨. ભગવાન વ્યાપક થકા મૂર્તિમાન કેવી રીતે ?
૩. ગુણાતીત સંતનો મહિમા - મહારાજના શ્રીમુખે. (કોઈપણ બે)
૪. ગોપાળાનંદ સ્વામીએ કહેલા 'સ્વામી અક્ષર છે.' તે વિષેના પ્રસંગો. (કોઈપણ બે)

**પ્ર.૪. નીચેનામાંથી કોઈપણ બે વિષે કારણો આપો. (બારેક લીટીમાં)** ૮

૧. ઉપાસનાનો વિષય સમજવો સંપ્રદાયના આશ્રિતો માટે અત્યંત આવશ્યક છે.
૨. ઘનશ્યામદાસ બોલ્યા, 'તમે અક્ષર ખરા.'
૩. ભગવાનને નિરાકાર ના સમજવા જોઈએ.
૪. ગુણાતીત સંતનું ધ્યાન ધરવામાં શાસ્ત્રોક્ત નિષેધ નથી.





**પ્ર.૫. ઉપાસનામાં શું સમજવું ?** ૮

**પ્ર.૬. 'સ્વામિનારાયણ' શબ્દની વ્યુત્પત્તિ સમજાવો.** ૫

**પ્ર.૭. નીચેનામાંથી કોઈપણ એક વિષય પર વિસ્તારથી નોંધ લખો.** ૫

૧. સર્વથી પર અક્ષરધામ અને અક્ષરધામાધિપતિ શ્રીહરિ સર્વોપરી.
૨. મોક્ષ માટે પ્રગટ ભગવાન કે પ્રગટ સંત.
૩. અક્ષરબ્રહ્મનાં વિવિધ સ્વરૂપો.

### (વિભાગ-૨ સત્સંગ વાચનમાળા ભાગ-૩ તથા પ્રેરણામૂર્તિ પ્રમુખસ્વામી મહારાજ)

**પ્ર.૮. નીચેનામાંથી કોઈપણ બે વિધાનો કોણ, કોને અને ક્યારે કહે છે તે લખો.** ૬

૧. 'અમે આ લોકમાં રાજ્ય કરવા નથી આવ્યા.'
૨. 'અહોહો, આ મારા વાલાની લીલા તો જુઓ.'
૩. 'હું તો મંદિરનો મહંત છું, મને ફાવે તે કરું.'
૪. 'તમને તો કરોડ કરોડ દંડવત્ કરું, તો પણ ઓછા છે.'

**પ્ર.૯. નીચેનામાંથી કોઈપણ બે વિષે કારણો આપો. (બારેક લીટીમાં)** ૮

૧. મુક્તાનંદ સ્વામીએ ભ્રમણા ભાંગી રે.. એ કીર્તન બનાવ્યું.
૨. નિષ્કુળાનંદ સ્વામી ગઢાળી ચાલ્યા ગયા.
૩. નારાયણસ્વરૂપદાસ અટલાદરાથી સારંગપુર આવી પહોંચ્યા.
૪. ગોપાળાનંદ સ્વામી એવું બોલ્યા કે હવે ત્યાગ-વૈરાગ્યની વાતો મારાથી નહિ થાય.

**પ્ર.૧૦. નીચેનામાંથી કોઈ પણ બે વિષયનું મુદ્દાસર વિવરણ લખો.** ૮

૧. ગોપાળાનંદ સ્વામીનાં ઐશ્વર્યો.
૨. મુક્તાનંદ સ્વામીની તિતિક્ષા.
૩. નમ્રતાના સાગર પ્રમુખસ્વામી મહારાજ. (કોઈપણ બે પ્રસંગો)
૪. શિવલાલ શેઠનું ધ્યાન.

**પ્ર.૧૧. નીચેના પ્રશ્નોના જવાબ એક વાક્યમાં આપો.** ૬

૧. નિષ્કુળાનંદ સ્વામીએ લખેલા બે ગ્રંથોનાં નામ આપો.
૨. શિવલાલ શેઠે ગઢડા અને ભાવનગરમાં કોને પધરાવ્યા ?
૩. પ્રમુખસ્વામી મહારાજને પ્રમુખપદે ક્યારે નિયુક્ત કર્યા ?

૪. રઘુવીરજી મહારાજે ગુણાતીતાનંદ સ્વામીને પેંડો આપ્યો ત્યારે સ્વામી શું બોલ્યા?

૫. શ્રીજીમહારાજે પર્વતભાઈને શેરડી આપી ત્યારે પર્વતભાઈ શું બોલ્યા ?

૬. કુશળકુંવરબાએ શ્રીજીમહારાજની કેટલી વાર આરતી ઉતારી ?

**પ્ર.૧૨. નીચેનામાંથી કોઈપણ એક પ્રસંગ વર્ણવી ટૂંકમાં ભાવાર્થ લખો. (બારેક લીટીમાં) ૪**

૧. રઘુવીરજી મહારાજે કરાવેલ સત્સંગિજીવનની પારાયણ.

૨. અખંડાનંદ બ્રહ્મચારીને ઝાડા થઈ ગયા.

૩. લાલજી ભક્ત ચલાખો લાવ્યા.

**(વિભાગ - ૩ નિબંધ)**

**પ્ર.૧૩. નીચેનામાંથી કોઈપણ એક વિષય પર આશરે ૬૦ લીટીમાં નિબંધ લખો. ૨૦**

૧. સ્વામિનારાયણ મહામંત્રનો મહિમા

૨. સત્સંગની અણમોલ મૂડી - પ્રમુખસ્વામી મહારાજનું જતન

૩. સમાજનું વિનાશક તત્ત્વ - કુસંપ અને કુસંગ

✿ ✿ ✿